ગાંધીનગર સમાચાર

હોમગાર્ડઝના જવાનોએ ચોકલેટ આપી ટ્રાફિકના નિયમન અંગે માહિતગાર કર્યા

# સે-૨૪માં રાત્રિના લીમડાના વૃક્ષો કાપતી ગેંગનો પર્દાફાશ

ગાંધીનગર તા ૬

સેકટર -૨૪માં એક મહીના અગાઉ સક્રીય થયેલી ટ્રી કટર ગેંગનો પર્દાફશ થઇ ગયો છે. આ ગેંગે સેકટરમાં રાત્રિના સમયે પલવારમાં જ લીમડાના ૮ વૃક્ષો કાપી પલાયન થઇ જતા જાગૃત નાગરિકે આ અંગે વન તંત્રને જાણ કરી હતી. જયારે વન તંત્રએ ભેદી રીતે વૃક્ષો કાપતી ગેંગને ઝડપી લેવા માટે તપાસ હાથ ધરી હતી. સી સી ટીવી કેમેરાના ફુટેજના આધારે કોલવડાના શખ્સને ઝડપી વન અધિનિયમની કલમ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વન તંત્ર દ્વારા આ શખ્સ પાસેથી રૂ ૮૦ હજારનો દંડ પણ વસુલવામાં આવ્યો છે.

## વન તંત્રએ રોડ સાઇડના સી સી કેમેરાના ફુટેજના આધારે તપાસ કરી કોલવડાના શખ્સ સામે કાર્યવાહી કરી ૮૦ હજારનો દંડ ફટકાર્યો

હરિયાળા ગ્રીનસીટીમાં વૃક્ષો કાપવાની પ્રવૃતિનુ દુષણ છેલ્લા કેટલાક સમયથી વધી ગયુ છે. સેકટરોમાં છાનાખુણે અબોલ વૃક્ષો પર કુહાડી જીકાતા પ્રકૃતિપ્રમીઓમાં પણ આ મામલે ઘોર નારાજગી વ્યાપી છે. વૃક્ષછેદનની બદીના લીધે નગરની હરિયાળી સામે પણ ખતરો મંડરાયો છે.સેકટર -૨૪માં પણ ગત મહીના દરમિયાન લીંબડાના વૃક્ષો ભેદી રીતે કોઇ શખ્સો દ્વારા કાપવામાં આવતા હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. સેકટરમાં સક્રીય થયેલી ટ્રી કટર ગેંગ અંગે સ્થાનિક રહીશોમાં પણ રોષ પ્રવર્તયો હતો.સેકટરના જાગૃત નાગરિકો દ્વારા આ મામલે વન તંત્રને પણ જાણ કરવામાં આવી હતી. જેના પરિણામે હરકતમાં આવેલા વન તંત્ર દ્વારા કટર ગેંગને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. તંત્ર દ્વારા આ વિસ્તારમાં રોડ સાઇડમાં સી સી ટીવી કેમેરાના ફુટેજની ચકાસણી કરી હતી. જેમાં વૃક્ષોના થડ સાથે એક ટ્રેકટર નજરે પડયુ હતુ. જયારે ટ્રેકટરના આધારે આગળ તપાસ દરમિયાન વૃક્ષો કાપનાર શખ્સોની ઓળખ પણ છતી થઇ હતી. તંત્ર દ્વારા જવાબદાર શખ્સની સામે વન અધિનિયમની કલમ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જયારે વૃક્ષોની કટોતી અને લાકડાની ચોરી કરનાર શખ્સ પાસેથી રૂ ૮૦ હજારનો દંડ વસુલવામાં આવ્યો છે.




નિર્વાણ દિને પુષ્પાંજલિ - ભારતીય બંધારણના ડ્રાફ્ટ કમિટીના ચેરમેન અને સામાજીક ન્યાય માટે ઝઝુમનાર ડૉ. બાબા સાહેબ આંબેડકરના નિર્વાણ દિવસે ગાંધીનગરમાં ભાવભીની અંજલિ અપાઈ હતી... ૧૨૫મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે સરકાર અને સમાજ દ્વારા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો આયોજી બાબા સાહેબને અંજલિ અપાય છે... રવિવારે વહેલી સવારે રાજ્ય સરકારના સામાજીક ન્યાય અધિકારીતા મંત્રી શ્રી રમણભાઈ વોરાએ બાબા સાહેબની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પી હતી. આ પ્રસંગે ધારાસભ્યો તથા વિવિધ સામાજીક આગેવાનો અને દલિત સંગઠનોના પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ટાઉનહોલમાં આરોગ્ય વિભાગનો ત્રિવિધ કાર્યક્રમ

## એન.આર.એચ.એમ.ની અલગ કચેરીનું લોકાર્પણ અને આર.બી.એસ.વાય.માં તબીબોને નિમણુંક પત્રો પણ એનાયત થશે : મુખ્યમંત્રી ઉપરાંત આરોગ્ય મંત્રી નીતિન પટેલ અને શંકરભાઈ ચૌધરી વિશેષ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર ટાઉનહોલમાં આરોગ્ય કમિશ્નરેટ દ્વારા આજે ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમના વિધિવત્ પ્રારંભની ઘોષણા સાથે નેશનલ રૂરલ હેલ્થ મિશનના ડાયરેક્ટરની કચેરીના નવા સંકુલનું લોકાર્પણ તેમજ રાષ્ટ્રીય બાલસ્વાસ્થ્ય યોજના અંતર્ગત નિમણુંક પામેલ ૩૦૦થી વધુ તબીબી અધિકારીઓને નિમણુંક પત્રો અપાશે. આ કાર્યક્રમમાં આરોગ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, રાજ્યમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી અને આરોગ્ય અધિકારીઓ હાજર રહેનાર છે.

નેશનલ રૂરલ હેલ્થ મિશનના ડાયરેક્ટરની કચેરી માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સંકુલમાં ત્રણ મજલાની કચેરી બનાવાઈ છે જેનું લોકાર્પણ પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવનાર છે.

આ ઉપરાંત રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય યોજના જે કેન્દ્ર પુરસ્કૃત છે તેમાં આયુર્વેદ અને અન્ય તબીબી અધિકારીઓને નિમણુંક આપવામાં આવી છે. ૩૦૦થી પણ વધુ તબીબોને નિમણુંકપત્ર આપવાનો કાર્યક્રમ પણ આ સાથે સાંકળી લેવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

રાજ્યના આરોગ્ય વિભાગનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ જે ૧૯૯૫થી અમલી બનેલ છે તેનો વિધિવત્ પ્રારંભ કરાશે. જિલ્લાની પ્રાથમિક શાળા અને આંગણવાડીના બાળકોના આરોગ્યની ચકાસણી કરી તેમને જરૂરી તબીબી સારવાર આપવામાં આવે છે. રાજ્યમાં હૃદય, કિડની, કેન્સર, થેલેસેમીયા જેવી ગંભીર બિમારીમાં સપડાયેલા બાળકોની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ઉપાડે છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૩૨ હજાર હેક્ટર વિસ્તારમાં વાવણી સંપન્ન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણીની ચહલ-પહલ પૂર્ણ થતાં ઠંડીના આગમનને લઈ વાવણીકાર્યમાં ખેડૂતો લાગી ગયા છે અને રવિ સીઝનમાં અત્યાર સુધીમાં ૩૨ હજાર હેક્ટર વિસ્તારમાં વાવણી થઈ છે.

જિલ્લાનો મુખ્ય પાક ગણાતા ઘઉંનું વાવેતર ૧૦ હજાર હેક્ટર વિસ્તારમાં થયું છે. જેમાં સૌથી વધુ વાવેતર ગાંધીનગર તાલુકામાં થયું છે. ગાંધીનગર તાલુકામાં ૮૮૫૦ હેક્ટરમાં, દહેગામમાં ૮૮૬૯ હેક્ટરમાં, કલોલમાં ૫૩૬૯ હેક્ટરમાં અને માણસામાં ૮૫૦૯ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે.

જિલ્લામાં બટાટાનું વાવેતર ચાર હજાર હેક્ટર વિસ્તારમાં તો શાકભાજીના પાકોનું વાવેતર પણ ચાર હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં નોંધાયું છે. ઘાસચારાના પાકનું વાવેતર ૧૦ હજાર હેક્ટર વિસ્તારમાં નોંધાયું છે. તમાકુનું વાવેતર ૧૪૨૪ હેક્ટર વિસ્તાર તથા વરિયાળીના પાકનું ૧૦૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે.

કઠોળ પાકનું વાવેતર હજુ જિલ્લામાં થયુ નથી તો રાઈના પાકનું વાવેતર પણ ૧ હજાર હેક્ટર વિસ્તારમાં થવા પામ્યુ છે.

## ઘઉં, શાકભાજી તથા બટાટાના વાવેતર માટે ખેડૂતો ઉત્સાહમાં, ઘાસચારાના પાકનું પણ વાવેતર વધ્યુ : કઠોળ પાકોની ખેતીમાં ઘટાડો

જિલ્લામાં બટાટાના પાકનું વાવેતર આ વર્ષે પણ પાંચ હજાર હેક્ટરને આંબી જશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લામાં બટાટાનું વાવેતર આ વખતે પણ દહેગામ અને માણસામાં સારૂ નોંધાયું છે. દહેગામમાં બે હજાર હેક્ટર તો માણસામાં ૧૨૫૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. જો કે ગાંધીનગર અને કલોલ તાલુકામાં વાવેતર વિસ્તાર હજુ વધશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં આ વખતે ઠંડીનું વાતાવરણ મોડુ શરૂ થયું છે. એટલે ખેડૂતોએ હવે વાવણી તરફ વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુંછે. જે રીતે ઠંડીનો માહોલ જામી રહ્યો છે તે જોતાં આગામી દિવસોમાં રવિ સીઝનના વાવણીના અંદાજો વધી પણ શકે છે. જો કે જિલ્લાતંત્રના દાવા મુજબ જિલ્લામાં પુરતા પ્રમાણમાં બિયારણ અને ખાતરનો જથ્થો ઉપલબ્ધ છે.

ખેડૂતો દ્વારા ફેર રોપણીના પાકોનું પણ આ વખતે વધુ વાવેતર કરશે તેમ મનાઈ રહ્યુંછે. આ વખતે ઘાસચારાના પાક ઉપરાંત શાકભાજીના પાકોના વાવેતર વિસ્તારમાં પણ વધારો જોવા મળી રહ્યો છે.

# તંત્રને અસરકારક બનાવવા જિલ્લા અધિકારીઓની બદલીના ભણકારા

ગાંધીનગર, તા.૬

જિલ્લાઓમાં વહીવટી તંત્રને વધુ અસરકારક બનાવવા માટે જિલ્લા વિકાસ અધિકારીઓ અને જિલ્લા કલેકટરોની બદલીઓનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને ટુંક સમયમાં ધરખમ ફેરફારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ જિલ્લા તાલુકા પંચાયતોની યોજાયેલી ચૂંટણીમાં ભાજપનો કારમો પરાજય થવા પામ્યો હતો. આ હારના કારણોમાં ગ્રામ્ય વિસ્તારોમાં રાજય સરકાર દ્વારા અમલી બનાવાયેલી યોજનાઓનું અસરકારક અમલીકરણ ન થયું તેમજ ગ્રામ્ય વિસ્તારોના સ્થાનિક પ્રશ્નોના ઉકેલ નહીં આવતા હોવાનું મનાઈ રહ્યું છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકાર દ્વારા અમલમાં મુકાયેલી કલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલીકરણ અને મોનીટરીંગની જવાબદારી જિલ્લા વહીવટીતંત્રની હોઈ તેમાં કયાં ક્ષતિ રહી છે વહીવટીતંત્રની કયાં નિષ્ફળતાઓ રહેલી છે. આ તમામ બાબતોની ઉચ્ચ કક્ષાએ સમીક્ષા કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ એક જ જિલ્લામાં એક વર્ષ કરતા વધુ સમયથી ફરજ બજાવતા જિલ્લા વિકાસ અધિકારીઓ અને જિલ્લા કલેકટરોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે અને આગામી ટૂંક જ સમયમાં આ અધિકારીઓની સાગમટે બદલીઓ થવાના ભણકારા વાગી રહ્યા છે.

વહીવટી તંત્ર ઉપરાંત રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને પણ વધુ સઘન અને સારી બનાવવા માટે પોલીસ તંત્રમાં પણ ધરખમ ફેરફારોનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે .

# ૪ હજારથી વધુ અરજીઓ મતદાર સુધારણાની સઘન ઝુંબેશમાં મળી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં આજથી શરૂ થયેલી મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત સઘન ઝુંબેશના આજના દિવસે ૪ હજારથી વધુ નવા નામ દાખલ કરવાની અરજીઓ તંત્રને મળી છે.

આજે સઘન ઝુંબેશના ભાગરૂપે જિલ્લાના ૧૧૬૨ બુથો પર બુથલેવલ ઓફિસરો સવારે ૯ થી ૬ સુધી હાજર રહ્યા હતા અને મતદારોએ આપેલા સારા પ્રતિસાદથી તંત્રને પણ સંતોષ થયો છે.

આજે એક જ દિવસમાં ચાર હજાર કરતાં વધુ અરજીઓ મળી છે. આજે સઘન ઝુંબેશ અંતર્ગત બુથ લેવલ ઓફિસરોની કામગીરીને જોવા તેમજ વધુ માર્ગદર્શન માટે જિલ્લામાં મતદાર નોંધણી ઓબ્ઝર્વર તરીકે મુકાયેલ ડૉ. વિનોદ રાવ, અધિક મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી માણેક જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ધર્મેશ પટેલ અને અધિકારીઓ ગાંધીનગર અને કલોલ તાલુકાના વિવિધ બુથોની મુલાકાતે ગયા હતા.

જિલ્લામાં હાલ નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૦,૯૬,૧૭૯ છે. આજે યુવા મતદારો વધુ નામ નોંધાવવા માટે આવ્યા હતા. જો કે થોડીક અરજીઓ સ્થળાંતર કરી ગયેલા મતદારોની પણ મળી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# હોમગાર્ડઝના જવાનોએ ચોકલેટ આપી ટ્રાફિકના નિયમન અંગે માહિતગાર કર્યા

ગાંધીનગર તા ૬

## હોમગાર્ડ સ્થાપના દિવસની ઉજવણી અન્વયે નાગરિકોને માર્ગ સલામતીના મુદ્દે સમજણ આપી



શહેરમાં દિનપ્રતિદિન પૈડા પરની જિન્દગી જોખમી બનતી જાય છે. ત્યારે નાગરિકાને ટ્રાફિકના નિયમન અંગે જાગૃત કરવા આજે હોમગાર્ડઝ યુનિટ દ્વારા વાહનચાલકોને માહીતગાર કરવામાં આવ્યા હતા. હોમગાર્ડના ૧૦૦ જેટલા જવાનો દ્વારા શહેરના વિવિધ ૬ પોઇન્ટ પર ઉભા રહી વાહનચાલકોને ચોકલેટ આપી ટ્રાફિકના નિયમોનુ પાલન કરવા સમજણ આપી હતી.

ગાંધીગરમાં હોમગાર્ડઝ યુનિટ દ્વારા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં પ્રથમ દિવસે માર્ચ પાસ્ટ ,અંધ શાળાના બાળકોને બિસ્કીટનુ વિતરણ,સિવિલ હોસ્પિટલમાં બ્લડ ગૃપીંગના સેવાકીય કામો હાથ ધરવામાં આવ્યા હતા. જયારે આજે પણ સે-૧૧ના રામકથા મેદાનમાં રમતોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.આ ઉપરાંત હોમગાર્ડઝના જવાનો દ્વારા શહેરમાં જોખમાતી માર્ગ સલામતીને ધ્યાને લઇ માર્ગ પર પુરપાટ દોડતા વાહનચાલકોને ટ્રાફિકના નિયમન અંગે જાણકારી આપવામાં આવી હતી. શહેરના વિવિધ ૬ જેટલા ટ્રાફિક પોઇન્ટ પર હોમગાર્ડઝના જવાનોએ વાહનચાલકોને ટ્રાફિકના નિયમોની સમજણ આપી હતી. જેમાં ઘ-૫ ,ચ-૫, ઘ-૩, અને ચ-૩ અને જિલ્લા પંચાયત સહીતના ટ્રાફિક પોઇન્ટ પર જવાનોએ માર્ગ પર જતા વાહનચાલકોને ઉભા રાખી સમજણ પુરી પાડી હતી.આ દરમિયાન વાહનચાલકોને ચોકલેટ આપી સીટ બેલ્ટ બાંધવા ગતિ નિયંત્રણ જાળવવા હેલ્મેટ પહેરવા મોબાઇલનો

● અનુસંધાન પાન-૭ પર


## પ્રશ્નોરા નાગર બેસણું



શ્રી જયપ્રકાશ ભટ્ટ તથા અ.સૌ. કુસુમ કે. ભટ્ટના માતુશ્રી **અ.સૌ. ચંપાલક્ષ્મી અરવિંદરાય ભટ્ટનું** તા. ૩/૧૨/૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે દુ:ખદ અવસાન થયેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું તા. ૭/૧૨/૨૦૧૫ને સોમવારના રોજ સાંજના ૪ થી ૬** દરમિયાન નીચેના સ્થળે રાખવામાં આવેલ છે.
**(નોંધ : લૌકિક પ્રથા બંધ છે.)**

સ્થળ : પ્લોટ નં. ૩૦૫/એ-૧, મંગલમૂર્તિ પાર્ક, સેક્ટર-૮/બી, ગાંધીનગર

જયપ્રકાશ અરવિંદરાય ભટ્ટ — અ.સૌ. કોકિલા જયપ્રકાશ ભટ્ટ
કૌશિકભાઈ જયદેવભાઈ ભટ્ટ (જમાઈ) — અ.સૌ. કુસુમ કૌશિકભાઈ ભટ્ટ (પુત્રી)
હેમલ જયપ્રકાશ ભટ્ટ (પૌત્ર) — અ.સૌ. રત્ના હેમલ ભટ્ટ
બ્રિજેન જયપ્રકાશ ભટ્ટ (પૌત્ર) — અ.સૌ. કૃપાલી બ્રિજેન ભટ્ટ
મલ્હાર જયપ્રકાશ ભટ્ટ (પૌત્ર) — અ.સૌ. મેઘના મલ્હાર ભટ્ટ
(તથા રાણીકા, જુની ભાલ કચેરી પરિવાર - ભાવનગર)

## અગીયારમી વાર્ષિક પુણ્યતિથિ શ્રધ્ધાંજલી



જન્મ તા.૧/૬/૧૯૬૭ — સ્વ.તા.૭/૧૨/૨૦૦૪
સ્વ.કાન્તાબેન વિઠ્ઠલજી મકવાણા
કેટલાક સંબધો જીવન સાથે વણાઈ જાય છે.
કેટલીક યાદો સ્વપ્ન બનીને રહી જાય છે.
લાખો મુસાફર પસાર થઈ જાય તો પણ
તમારા પગલા કાયમ માટે યાદ રહી જાય છે
ફુલ પાથરી આપને શ્રધ્ધાંજલી
લિ.
વિઠ્ઠલજી કે.મકવાણા — હિતેશ વિ.મકવાણા(પુત્ર)
જીવાજી કે.ઠાકોર(દિયર) — બ્રિજલ હિતેશ મકવાણા(પુત્રવધુ)
સેજયકુમાર વી.ઠાકોર(જમાઈ) — ક્રિષા હિતેશ મકવાણા(પૌત્રી)
નયના એસ.ઠાકોર(દિકરી) — સ્મિત(ભાણો)
સમસ્ત મકવાણા પરિવાર-ધોળાકુવા

## બેસણું



અમારા પરમ પૂજ્ય માતુશ્રી ગં.સ્વ. **કાંતાબેન ગૌરધનભાઈ પટેલ**નો અક્ષરવાસ તા. ૫/૧૨/૨૦૧૫ને શનિવારના રોજ થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૭/૧૨/૨૦૧૫ને સોમવારના રોજ બપોરે ૩-૦૦ થી ૫-૦૦** દરમિયાન રાખેલ છે.

સ્થળ :- પ્લોટ નં.૧૮૦ અક્ષરભુવન, ચ-૬ કોર્નર સેક્ટર નં.૨૯, ગાંધીનગર

લિ.
રમેશભાઈ ગોરધનભાઈ પટેલ (USA)
જ્યોતિન્દ્રભાઈ ગોરધનભાઈ પટેલ (USA)
ઘનશ્યામભાઈ ગોરધનભાઈ પટેલ (USA)
મંજુલાબેન નવીનચંદ્ર પટેલ (USA)
કોકિલાબેન કીરીટભાઈ પટેલ (USA)

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અર્ચી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com